# ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, મહાદેવ દેસાઇ, સમાજ સેવા સંકુલ
# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**વિભાગ વિશે :**

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા મહાદેવ દેસાઇ સમાજ સેવા મહાવિદ્યાલય દ્વારા ઇ.સ. ૧૯૮૬થી M.L.I.Sc. ( માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સનો) અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઇ.સ. ૧૯૮૮થી B.L.I.Sc. ( બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સનો) અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. તેમજ ૧૯૯૩થી M.Phil. ( અનુપારંગત)નોઅભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ૧૯૯૯માં PH.D. ( વિદ્યાવાચસ્પતિ) નો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. સમયાનુસાર વિભાગનો વિકાસ ઉત્તરોતર વધતો ગયો અને આ વિભાગ ધબકતો વિભાગ થઇ ગયો.

વિભાગ દ્વારા ઉત્તમ ગ્રંથપાલ તૈયાર થયા છે જે વિવિધ શાળા , કોલેજો , યુનિવર્સિટી અને સરકારી ગ્રંથાલયોમાં સેવા બજાવે છે તેમજ વિભાગ દ્વારા ઉત્તમ અધ્યાપકો પણ તૈયાર થયા છે. જે વિવિધ યુનિવર્સિટીના વિભાગોમાં ફરજ બજાવે છે. વિવિધ સરકારી ખાતા અને સંસ્થાઓમાં પણ વિદ્યાર્થીઓ રોજગાર મેળવે છે.

**અભ્યાસક્રમ દ્વારા નોકરીનો તકો :**

ગૂજરાત વિદ્યાપીઠ મહાત્મા ગાંધી સ્થાપિત છે. તેથી શિક્ષણમાં ગાંધીના મૂલ્યોનો સરસ રીતે સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ ઔપચારીક શિક્ષણ સાથે અનૌપચારીક શિક્ષણ , સમૂહજીવન , ઉદ્યોગ વગેરેનું શિક્ષણ મેળવીને સારી જગ્યાએ નોકરી તેમજ રોજગારી મેળવી શકે છે.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને શાળા, કોલેજો, યુનિવર્સિટી કક્ષાએ નોકરી મળે છે. તેમજ કોર્ટ, સરકારી ખાતા, ગ્રંથાલય ખાતું વગેરેમાં ઉત્તમ તકો રહેલી છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ રોજગારીની તકો રહેલી છે. અધ્યાપન કાર્યમાં રસ ધરાવનાર વિદ્યાર્થી માટે અધ્યાપક તરીકેની નોકરીની તકો પણ રહેલી છે.

NGO, જેવીકે , UNESCO, UNO, WHO, વગેરે જેવી સંસ્થાઓમાં રોજગારીની તકો રહેલી છે. જયાં ગ્રંથાલય માહિતીકેન્દ્ર ત્યાં વિદ્યાર્થીઓ માટે રોજગારીની ઉત્તમ તકો રહેલી છે.જ્ઞાન અને માહિતીના યુગમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનો વિદ્યાર્થી બેકાર ન રહે.

**વિભાગ દ્વારા ચાલતા અભ્યાસક્રમો :**

- B.L.I.Sc. ( બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ)
- M.L.I.Sc. ( માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ)
- PH.D. ( વિદ્યાવાચસ્પતિ)

**વિભાગના અધ્યાપકો :**

૧. ડો. પ્રયતકર કાનડિયા

**મુલાકાતી અધ્યાપકો :**

અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાના અધ્યાપકો

**પ્રવેશ પ્રકિયા :**

૨૦૨૧-૨૨ના વર્ષમાં B.L.I.Sc. ( બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ) માં પ્રવેશ મેળવવા માટે કોઇપણ વિદ્યાશાખામાં સ્નાતક થયેલ વિદ્યાર્થીને ઓછામાં ઓછા ૪૦% ગુણ હોવા જોઇએ. M.L.I.Sc. ( માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ) માં પ્રવેશ મેળવવા B.L.I.Sc. ફરજીયાત રીતે કરેલું હોવું જોઇએ. Online પ્રવેશ માટે http://www.gujaratvidyapith.org ઉપર જઇને પ્રવેશ ફોર્મ ભરી શકાશે.

**ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ**